From tv9gujarati.com
01-06-2026 05:34:50

Ahmedabad Breaking News : આરોગ્ય વિભાગની તવાઈ ! એનાલોગ પનીર વેચતા 27 વેપારીઓ ઝડપાયા, પકોડીમાં પ્રતિબંધિત ફૂડ કલરનો પણ ખુલાસો

અમદાવાદમાં ખાદ્ય સુરક્ષા અને ગુણવત્તા જાળવવા માટે આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી સઘન તપાસ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. વિભાગે એનાલોગ પનીરનું વેચાણ કરતા 27 વેપારીઓ સામે કાર્યવાહી કરી છે, જ્યારે ખાદ્ય પદાર્થોમાં પ્રતિબંધિત કેમિકલ યુક્ત ફૂડ કલરનો ઉપયોગ થતો હોવાનો પણ પર્દાફાશ થયો છે.

ખાદ્ય પદાર્થોમાં કેમિકલ યુક્ત ફૂડ કલર મળી આવ્યો

આરોગ્ય વિભાગ દ્વારા લેવામાં આવેલા 86 નમૂનાઓમાંથી 7 નમૂનાઓમાં કેમિકલ યુક્ત પ્રતિબંધિત ફૂડ કલર મળી આવ્યો હતો. ખાસ કરીને પકોડી સહિતના કેટલાક ખાદ્ય પદાર્થોમાં આવા હાનિકારક રંગોનો ઉપયોગ થતો હોવાનું સામે આવ્યું છે, જે ગ્રાહકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઉભું કરી શકે છે.

....